| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | 06 | 01 | 2022 |
| દાખલ તારીખ | : | 06 | 01 | 2022 |
| ફેસલ તારીખ | : | 04 | 04 | 2026 |
| સમયગાળો | : | દિવસ | માસ | વર્ષ |
| | | 28 | 02 | 04 |

सत्यमेव जयते

**માણાવદરનાં મ્હે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.માણાવદર**

**ક્રિમીનલ કેસ નં.૧૫/૨૦૨૨**

**આંક :–**

**<u>ફરીયાદી</u>** શ્રી સરકાર

બાંટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૧૨૦૩૦૦૬૨૧૦૨૫૫/૨૦૨૨

**.. વિરુધ્ધ ..**

**<u>આરોપીઓ</u>**

(૧) વિજયભાઈ ગોવિંદભાઈ કેશવાળા, ઉ.વ.૩૫,

(૨) કાનાભાઈ ગોવિંદભાઈ કેશવાળા, ઉ.વ.૩૩,

(૩) નારણ માલદેભાઈ કેશવાળા, ઉ.વ.૨૬,

(૪) રામજી ઉર્ફે રામભાઈ માલદેભાઈ કેશવાળા, ઉ.વ.૩૨,

(૫) કારીબેન વા.ઓ.ગોવિંદભાઈ કેશવાળા, ઉ.વ.૫૮

(૬) જીજ્ઞાશાબેન વા.ઓ.રામજી ઉર્ફે રામભાઈ કેશવાળા, ઉ.વ.૨૪
બધા રહે. પાદરડી, તા.માણાવદર

ગુનો :– ભારતીય દંડ સંહીતાની કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૧૮૬,૩૩૨, ૩૩૭,૩૭૯,૪૨૭,૫૦૬(૨),૨૯૪(ખ) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ–૩ તથા ૫ મુજબ.

---

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એચ.પરમાર

આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એમ.એસ.દવે

---

## -: ચુ કા દો :-

(૧). ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના સાહેદ જયાબેન રહે.પાદરડીવાળા તા.૨૯/૮/૨૦૨૧ ના કલાક-૨૨/૩૯ વાગ્યે બાંટવા પોલીસ સ્ટેશનમાં આવી પોતાને સુલેહભંગ થવાની શકયતા હોવાનુ જણાવતા આ કામના ફરીયાદી તથા સાહેદો પોતાની કાયદેસરની ફરજના ભાગરૂપે અને કાયદો વ્યવસ્થા જળવાય રહે અને કોઈ સુલેહભંગ ન થાય તે સારૂ આરોપી નં.૪ ના ઘરે જતા આ કામના આરોપીઓએ એકસંપ કરી ગેરકાયદેસર મંડળી રચી આરોપી નં.૨ તથા નં.૪ તથા ચાર્જશીટના કોલમ નં .૨ માં જણાવેલ આરોપી નં.૧ નાએ લોખંડના પાઈપ તથા કોલમ નં.૧ તથા કોલમ નં.૨ માં જણાવેલ અન્ય આરોપીઓએ છુટા પથ્થરોના ઘા કરી સરકારી વાહનમાં તોડફોડ કરી સરકારી વાહનમાંનુકશાની કરી ફરીયાદી તથા સાહેદોની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી તેમજ સરકારી નોકર ઉપર હુમલો કરી સાહેદ રાજેશભાઈ પરબતભાઈ બંધીયાને ઢીકકાપાટુનો માર મારી તેમજ ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપી ભુંડી ગાળો કાઢી તેમજ ફરીયાદીના પર્સમાં રહેલ રોકડ રૂા.૫૫૦૦/- ની કોલમ નં .૨ માં જણાવેલ આરોપી નં.૪-૫ નાએ ચોરી કરી, ભારતીય દંડ સંહીતાની કલમ-૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૧૮૬,૩૩૨,૩૩૭,૩૭૯,૪૨૭,૫૦૬(૨) ૨૯૪(ખ) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ-૩ તથા ૫ મુજબ મુજબના ગુનાનું ચાર્જશીટ કરી, અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨). આ કામના આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ અદાલત રૂબરૂ હાજર થતા તેઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપી આંક-૧૧ થી

તહોમતનામું ફરમાવી,આંક–૧૨ થી ૧૭ સુધી આરોપીઓની પ્લી નોંધવામાં આવતાં ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદપક્ષનો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩). આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ થયેલ છે.

**...મૌખિક પુરાવો...**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૮ | ફરીયાદી પ્રીતીબેન સુનીલભાઈ ઝાલાની જુબાની. |
| ૨ | ૩૧ | સાહેદ સુરેશભાઈ રામભાઈ ગરચરની જુબાની. |
| ૩ | ૩૨ | સાહેદ રાજેશભાઈ પરબતભાઈ બંધીયાની જુબાની. |
| ૪ | ૩૫ | સાહેદ જયાબેન બાલુભાઈ મકવાણાની જુબાની. |
| ૫ | ૩૬ | સાહેદ દક્ષાબેન પરબતભાઈ કરંગીયાની જુબાની. |
| ૬ | ૪૧ | સાહેદ દાનાભાઈ બાવનભાઈ બારાઈની જુબાની. |
| ૭ | ૪૩ | સાહેદ ડો.ભાર્ગવ વિરમભાઈ ભાદરકાની જુબાની |
| ૮ | ૪૫ | સાહેદ ડો.પારૂલબેન ગોવિંદભાઈ વાળાની જુબાની |

**...દસ્તાવેજી પુરાવા...**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૯ | ફરીયાદ અસલ |
| ૨. | ૪૪–૪૬ | સારવાર સર્ટીફીકેટ. |

(૪). આમ, ઉપર મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ છે. ત્યારબાદ, આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫). ઉપર મુજબનો પુરાવો નોંધ્યા બાદ આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વધારાનું નિવેદન લેવા જેટલો પુરાવો આવેલ ન હોઈ આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી. ત્યારબાદ, બન્ને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૬).** ઉપરોકત તમામ હકીકતને ઘ્યાનમાં લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થાય છે.

**–:: મુદા ::–**

(૧). શું ફરીયાદ પક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના સાહેદ જયાબેન રહે.પાદરડીવાળા તા.૨૯/૮/૨૦૨૧ ના કલાક–૨૨/૩૯ વાગ્યે બાંટવા પોલીસ સ્ટેશનમાં આવી પોતાને સુલેહભંગ થવાની શકયતા હોવાનુ જણાવતા આ કામના ફરીયાદી તથા સાહેદો પોતાની કાયદેસરની ફરજના ભાગરૂપે અને કાયદો વ્યવસ્થા જળવાય રહે અને કોઈ સુલેહભંગ ન થાય તે સારૂ આરોપી નં.૪ ના ઘરે જતા આ કામના આરોપીઓએ એકસંપ કરી ગેરકાયદેસર મંડળી રચી આરોપી નં.૨ તથા નં.૪ તથા ચાર્જશીટના કોલમ નં.૨ માં જણાવેલ આરોપી નં.૧ નાએ લોખંડના પાઈપ તથા કોલમ નં.૧ તથા કોલમ નં.૨ માં જણાવેલ અન્ય આરોપીઓએ છુટા પથ્થરોના ઘા કરી સરકારી વાહનમાં તોડફોડ કરી સરકારી વાહનમાંનુકશાની કરી ફરીયાદી તથા સાહેદોની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી તેમજ સરકારી નોકર ઉપર હુમલો કરી સાહેદ રાજેશભાઈ પરબતભાઈ બંધીયાને ઢીકકાપાટુનો માર મારી તેમજ ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપી ભુંડી ગાળો કાઢી તેમજ ફરીયાદીના પર્સમાં રહેલ રોકડ રૂા.૫૫૦૦/– ની કોલમ નં.૨ માં જણાવેલ આરોપી નં.૪–૫ નાએ ચોરી કરી, ભારતીય દંડ સંહીતાની કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૧૮૬,૩૩૨,૩૩૭,૩૭૯,૪૨૭, ૫૦૬ (૨) ૨૯૪(ખ) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ–૩ તથા ૫ મુજબના શિક્ષા પાત્ર ગુનો કર્યો છે ?

(૨). આખરી શું હુકમ ?

(૭). ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## કા ર ણો

**મુદ્દા.નં.૧ અને ૨ :–**

(૮) ફરીયાદ પક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે આ કામે રજુ રાખેલ પુરાવા ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે આ કામે મૂળ ફરીયાદી પ્રીતીબેન સુનીલભાઈ ઝાલાએ તેમની આંક–૨૮ ની જુબાનીમાં જણાવેલ છે કે, ''સને ૨૦૨૧ની સાલમા તેઓ બાટવા પો.સ્ટે. પો.સ.ઈ.તરીકે તેમની ફરજ પર હાજર હતા તે દરમ્યાન સાતમ આઠમનો તહેવાર હોય તેઓ તથા પો.સ્ટાફના માણસો સ.વા.જી.પી.એ.નં.૭૩ જેના રજી.નંબર જી.જે.૧૧. જી.એ.૦૩૩૪ ના પેટ્રોલીગમા હતા તે દરમ્યાન કલાક ૨૨ : ૨૯ વાગ્યે બાટવા પી.એસ.ઓ. તરફથી તેઓને ટેલીફોનીક જાણ કરેલ કે, પાદરડી ગામના જયાબેન બાલુભાઈ મકવાણા પો.સ્ટે. ખાતે આવેલ છે અને તેઓએ પાદરડી ગામના નંબર (૧) કાનાભાઈ ગોવિદભાઈ કેશવાલા, (૨) રામભાઈ માલદેભાઈ કેશવાલા (૩) પરબતભાઈ લાધાભાઈ સગારકા ના ઓ પૈકી જયાબેનની દિકરી જીજ્ઞાશાબેન સાથે રામભાઈ માલદેભાઈએ લવ મેરેજ કરેલ હોય જેના મનદુખના કારણે જયાબેનના પરીવાર સાથે સુલેક ભંગ થવાની શકયતા હોય જેથી તેઓ પો.સ્ટાફ સાથે બનાવની ગંભીરતા ધ્યાને લઈ સુલેહ ભંગ ન થાય તે માટે જરુરી કાર્યવાહી કરવી હોય કલાક ૨૨:૪૫ વાગ્યે જયાબેનને સાથે રાખી સરકારી વાહન રોકી અરજદારના જણાવ્યા મુજબ જણાવેલ નામ વાળા રામભાઈ માલદેભાઈ ના ઘરે જઈ તેઓ પોલીસની ઓળખ આપી તેઓના ઘરે જતા તેઓનુ નામ પુછતા પોતે રામભાઈ માલદેભાઈ તેમજ એક સ્ત્રી ઈસમ જીજ્ઞાશાબેન રામભાઈ હોવાનુ જણાવેલ તેમજ બંનેએ પોતાની મરજીથી લવ મેરેજ કરેલ હોવાનુ

જણાવેલ.ત્યારબાદ આ કામના આરોપીઓ તેઓ સાથે ગાળા ગાળી કરતા તેઓએ ગાળા ગાળી કરવાની ના પાડેલ તેમજ આ કામના આરોપીઓ તેમજ આજુબાજુના ૨૦ થી ૨૫ વ્યકતીઓ ભેગા થયેલ અને તેઓ ને ભુડી ગાળો બોલવા લાગેલ જેથી તેઓને શંકા જતા આ લોકો વધુ ઉશ્કેરાઈ ગયેલ. ત્યારબાદ ઘણા બધા માણસો ભેગા થઈ જતા શુ બનાવ બનેલ તેની હાલ મને માહીતી નથી. બનાવમા ગામના ઈસમોએ તેમના વિરુધ્ધ ગાળા ગાળી કરી માર મારેલ હોય તેઓએ ફરીયાદ આપેલ તેમ જણાવી અસલ ફરીયાદમાં તેઓની સહી ઓળખી આંક–૨૯ થી રજુ રાખેલ છે તેમજ આ કામે લાગત વળગતા સાહેદોના નીવેદનો લઈ તપાસ કરેલ તથા આરોપીઓની અટક કરી અટક પંચનામુ કરેલ તેમજ બનાવ વાળી જગ્યાનુ પંચનામુ કરેલ ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ. આરોપીઓને જોયેથી ઓળખે છે.'' ત્યારબાદ આરોપી તરફે ઉલટતપાસ કરતાં તેમાં ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ''આ કામની ફરીયાદ તેઓએ આપેલ છે તેમજ તપાસ પણ તેઓએ જ કરેલ છે, ચાર્જશીટ પણ તેઓએ કરેલ છે. તેઓ તેમની ફરીયાદમા પંચોના નામ લખાવેલ નથી. આ કામે આરોપીઓની કોઈ ઓળખ પરેડ મામલતદાર રુબરુ કરાવેલ નથી. કહેવાતા બનાવ સમયે તેઓ તથા પો.કો. રાજેશભાઈ પરબતભાઈ બંધીયા તથા પો.કો. દાનાભાઈ બાવનભાઈ ભારાઈ ફરજ પર હતા તે બતાવવા હાજરી પત્રક રજુ કરેલ નથી કે તપાસના કામે કબજે કરી નામદાર કોર્ટમા રજુ કરેલ નથી. તેઓ તથા પો.સ્ટાફના માણસો પાદરડી મુકામે જે વાહનમા ગયેલ તે વાહનનો લોગબુકનો ઉતારો તેઓએ આ કામે કબજે લઈ નામદાર કોર્ટમા રજુ કરેલ નથી. તેઓ તથા આ કામના આરોપીઓ આ બનાવ અગાઉ કયારેય મળેલ નથી કે એકબીજાને ઓળખતા ન હતા. કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલ હોય અને ખુબજ અંધારુ હતુ. કહેવાતો બનાવ રાત્રીના બેનલ હોય અને ૧૦૦

થી ૧૫૦ માણસો ભેગા થયેલ હોય તેઓ કોઈને અંગત રીતે ઓળખતા નથી. કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલ હોય ટોળુ ભેગુ થઈ ગયેલ હોય જેથી સરકારી મીલ્કતને કોણે નુકશાન કરેલ હોય તે તેઓ કહી શકે નહી. કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલ હોય ટોળુ ભેગુ થઈ ગયેલ હોય અંધારુ હોય જેથી તેમના પર્સમાથી પૈસા કોણ કાઢી ગયેલ તે કહી શકે નહી, તે સમયે તેઓ ત્યા વાહન પાસે હાજર ન હતા. કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલ હોય ટોળુ ભેગુ થઈ ગયેલ હોય જેથી કોના હાથમા કયુ હથીયાર હતુ તે તેઓ કહી શકે નહી તેમજ કહેવાતા બનાવ સમયે તેઓ વાહન પાસે હાજર ન હતા. કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલ હોય ટોળુ ભેગુ થઈ ગયેલ હોય જેથી કોણે જાનથી મારી નાખવાની ધમકી આપી ભુડી ગાળો કાઢેલ તે કહી શકે નહી. તેઓ તેમની ફરીયાદમા કયા પ્રકારની ભુડી ગાળો કાઢેલ તે લખાવેલ નહી. સામાન્ય રીતે એક ગામમા એક સરખા નામ વાળા એકથી વધારે વ્યકતી હોઈ શકે. કહેવાતા બનાવ સમયે પો.કો. સુરેશભાઈ રામભઈ ગરચર તથા પી.એસ.આઈ. ક્ષત્રીય સાહેબની ફરજ પાદરડી મુકામે હોય તેવો કોઈ પુરાવો આ કામે કબજે કરી નામદાર કોર્ટમા રજુ કરેલ નથી. સી.આર.પી.સી.કલમ ૨(ડી)મુજબની ફરીયાદ તેઓએ કોર્ટમા દાખલ કરેલ નથી. આ કામના સાહેદ જયાબેન બાલુભાઈ મકવાણા આરોપી નંબર (૬) જીજ્ઞાશાબેનના માતા થાય છે. કહેવાતો બનાવ જાહેર જગ્યાએ બનેલ હોય તેમજ ત્યાથી ઘણા બધા માણસોની અવરજવર હોય છે. તેઓ કોઈ તટસ્થ સાહેદોને નીવેદન લીધેલ નથી. કહેવાતો બનાવ રાત્રીનો સમયે બનેલ હોય આશરે ૧૫૦ થી ૨૦૦ માણસોનુ ટોળુ ભેગુ થયેલ હોય જેથી કોણે શુ કરેલ તે હાલ કહી શકે નહી.''

(૯) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ સુરેશભાઈ રામભાઈ ગરચરને આંક–૩૧ થી, સાહેદ રાજેશભાઈ પરબતભાઈ બંધીયાને આંક–૩૨ થી, સાહેદ દાનાભાઈ બાવનભાઈ બારાઈને

આંક–૪૧ થી તપાસવામાં આવેલ છે. આ તમામ સાહેદો પોલીસ સાહેદ છે, તેઓએ ફરીયાદ હકીકતોને તથા પોતે કરેલ કામગીરીની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. આરોપી તરફેની ઉલટતપાસમાં તમામ સાહેદોએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,''આ કામની ફરીયાદ પો.સ.ઈ.શ્રી પી.એસ.ઝાલાએ આપેલ છે તેમાં તપાસ પણ તેઓએ જ કરેલ છે, ચાર્જશીટ પણ તેઓએ કરેલ છે. આ કામે આરોપીઓની કોઈ ઓળખ પરેડ મામલતદાર રુબરુ કરાવેલ નથી. કહેવાતા બનાવ સમયે તેઓ તથા અન્ય પોલીસ કર્મચારી ફરજ પર હતા તે બતાવવા હાજરી પત્રક રજુ કરેલ નથી. તેઓ તથા પો.સ્ટાફના માણસો પાદરડી મુકામે જે વાહનમા ગયેલ તે વાહનનો લોગબુકનો ઉતારો પો.સ.ઈ.શ્રી પી.એસ.ઝાલાએ આ કામે કબજે લઈ નામદાર કોર્ટમા રજુ કરેલ નથી. તેઓ તથા આ કામના આરોપીઓ આ બનાવ અગાઉ કયારેય મળેલ નથી કે એકબીજાને ઓળખતા ન હતા. કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલ હોય અને ખુબજ અંધારુ હતુ. કહેવાતો બનાવ રાત્રીના બેનલ હોય અને ૧૦૦ થી ૧૫૦ માણસો ભેગા થયેલ હોય તેઓ કોઈને અંગત રીતે ઓળખતા નથી. કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલ હોય ટોળુ ભેગુ થઈ ગયેલ હોય જેથી સરકારી મીલ્કતને કોણે નુકશાન કરેલ હોય તે તેઓ કહી શકે નહી. કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલ હોય ટોળુ ભેગુ થઈ ગયેલ હોય અંધારુ હોય જેથી પો.સ.ઈ.શ્રી પી.એસ.ઝાલાના પર્સમાથી પૈસા કોણ કાઢી ગયેલ તે કહી શકે નહી, તે સમયે તેઓ ત્યા વાહન પાસે હાજર ન હતા. કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલ હોય ટોળુ ભેગુ થઈ ગયેલ હોય જેથી કોના હાથમા કયુ હથીયાર હતુ તે તેઓ કહી શકે નહી તેમજ કહેવાતા બનાવ સમયે તેઓ વાહન પાસે હાજર ન હતા. કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલ હોય ટોળુ ભેગુ થઈ ગયેલ હોય જેથી કોણે જાનથી મારી નાખવાની ધમકી આપી ભુડી ગાળો કાઢેલ તે કહી શકે નહી. સામાન્ય રીતે એક ગામમા એક સરખા

નામ વાળા એકથી વધારે વ્યકતી હોઈ શકે. સી.આર.પી.સી.કલમ ૨(ડી)મુજબની ફરીયાદ પો.સ.ઈ.શ્રી પી.એસ.ઝાલાએ કોર્ટમા દાખલ કરેલ નથી. આ કામના સાહેદ જયાબેન બાલુભાઈ મકવાણા આરોપી નં.૬ જીજ્ઞાશાબેનના માતા થાય છે. કહેવાતો બનાવ જાહેર જગ્યાએ બનેલ હોય તેમજ ત્યાથી ઘણા બધા માણસોની અવરજવર હોય છે. તેઓ કોઈ તટસ્થ સાહેદોને નીવેદન લીધેલ નથી. કહેવાતો બનાવ રાત્રીનો સમયે બનેલ હોય આશરે ૧૫૦ થી ૨૦૦ માણસોનુ ટોળુ ભેગુ થયેલ હોય જેથી કોણે શુ કરેલ તે હાલ કહી શકે નહી.''

**(૧૦)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ જયાબેન બાલુભાઈ મકવાણાને આંક–૩૫ થી તપાસવામાં આવેલ છે જેમાં જણાવેલ છે કે આજથી આશરે બે કે ત્રણ વર્ષ અગાઉ તેઓ તેમના ઘરે હાજર હતા અને ત્યારે આ કામના કાના ગોવિંદ, રામ માલદે, પરબત લાધા એ રીતેના તેમના ઘરે આવેલા અને તેમની દીકરી જીજ્ઞાસાએ રામ માલદે સાથે પ્રેમલગ્ન કરેલ હોય અને તેઓએ આ બાબતે કોઈ વાંધો પણ ન હોવા છતા આ લોકો તેમના ઘરે આવેલા જેથી તેઓએ તેમના સમાજના આગેવાન મનસુખભાઈને વાત કરેલ, તેઓને તેમની સામે તેઓ માની જાય તો કોઈ કાર્યવાહી પણ કરવી ન હતી. એ સિવાય આ બાબતે તેઓ કાંઈ જાણતા નથી, પોલીસે માત્ર તેમનુ નામઠામ પુછી લીધેલ. આમ, આ ગુન્હાના સાહેદ પોતાના પોલીસ નિવેદન કરતા તદ્દન વિસંગત હકીકતોવાળી જુબાની આપતા હોય, પ્રોસીકયુશન તરફે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી, ઉલટતપાસ કરવા છતાં ફરિયાદી ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા નથી, અને પોતાની ફરિયાદના કથનોને નકારી કાઢેલ છે. જયારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે માત્ર તેઓનુ નામ ઠામ પુછેલ એ સિવાય તેઓ કાઈ જાણતા નથી, કહેવાતો બનાવ રાતના સમયે બનેલો

હોય અને ટોળુ ભેગુ થઈ ગયેલ હોયે જેથી કોણે કોને શુ માર્યુ તે તેઓ કહી શકે નહી, કહેવાતો બનાવ રાતના સમયે બનેલ હોય અને ટોળુ ભેગુ થઈ ગયેલ હોય કોના હાથમાં કયુ હથીયાર હતુ તે તેઓ કાઈ કહી શકે નહી.

**(૧૧)** ફરીયાદપક્ષે સાહેદ દક્ષાબેન પરબતભાઈ કરંગીયા ને આંક–૩૬ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોલીસ સાહેદ છે, તેઓએ ફરીયાદ હકીકતોને તથા પોતે કરેલ કામગીરીની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવ વખતે તેઓ બાંટવા પો. સ્ટે.ને પી.એસ.ઓ.ના ચાર્જમાં હતા. કહેવાતા બનાવ વખતે તેઓ ત્યાં હાજર ન હોય, જેથી બનાવ અંગે તેઓને કોઈ જાત માહિતી નથી. કહેવાતા બનાવ વખતે ટોળું ભેગું થયાની જાણ તેઓને બાદમાં થયેલ હતી.

**(૧૨)** ફરીયાદપક્ષે ડો.ભાર્ગવ વિરમભાઈ ભાદરકાએ તેઓની આંક–૪૩ ની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તારીખ ૩૦/૮/૨૦૨૧ ના સાજના કલાક ૫ : ૪૫ તેઓ જયારે માણાવદર સરકારી હોસ્પીટલે મારી ફરજ પર હાજર હતા ત્યારે રાજેશભાઈ પરબતભાઈ બંધીયા, ઉ.વ. ૨૬, રહે : બાટવા, જાતે સારવાર લેવા આવેલ જેને પુછતા જણાવેલ કે તારીખ ૨૯/૮/૨૦૨૧ ના રાતના ૧૧ થી ૧૧ : ૩૦ વાગ્યે ટોળા ધ્વારા ઢીકા પાટુ અને પથ્થર મારેલ જેમને તપાસતા તેઓ ઈજા નં.૧ ડાબી કોણીમા સોજો અને દુખાવો, ઈજા નં.૨ જમણા હાથમા મુઢ ધા અને દુખાવો તથા ઈજા નં.૩ ડાબા ગોઠણમા સોજો અને દુખાવો હતો. આ સીવાય અન્ય કોઈ લેખીતી ઈજા જણાયેલ નહી. તેમને જરુરી સારવાર આપી તા.૩૦/૮/૨૧ સાજના ૬ વાગ્યે રજા આપેલ હતી. ઉપર જણાયેલ ઈજાઓ બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી તથા જો કોઈ કોમ્પ્લીકેશન ન થાય તો સાત દિવસમા રુજાય જાય તેવી હતી. ઉપરોકત ઈજાઓ ૧ દિવસ જુની જણાતી

હતી. મજકુર દર્દીને તેમના હસ્તાક્ષરમા સારવાર સર્ટી આપેલ જેમા તેમની સહી તથા હોદાનો સીકકો છે જે આંક–૪૪ થી રજુ રાખેલ છે. આરોપીઓ તરફેની ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મેડીકલ હીસ્ટ્રીમા કોઈ વ્યકતીના નામ લખાવેલ નથી. તેમના મેડીકલ સર્ટીમા બતાવ્યા સીવાયની અન્ય કોઈ ઈજા ન હતી. પોલીસની નોકરીમા પોલીસની રોજબરોજની ડયુટી બજાવવામા સામાન્ય રીતે શરીરના સાધાઓ અને ઘુટણમા પોલીસના નોકરીના પ્રકારના કારણે દુખાવો અને સોજો રહે તે સામાન્ય બાબત છે. મેડીકલ હીસ્ટ્રીમા સારવાર મોડા લેવાનુ કોઈ કારણ જણાવેલ નથી.

**(૧૩)** ફરીયાદપક્ષે ડો.પારૂલબેન ગોવિંદભાઈ વાળાએ તેઓની આંક–૪૫ ની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા.૩૦/૮/૨૦૨૧ ના સવારના કલાક ૩ : ૧૫ તેઓ જયારે માણાવદર સરકારી હોસ્પીટલે ફરજ પર હાજર હતા ત્યારે સુરેશભાઈ રામભાઈ ગરચર, ઉ.વ. ૩૧, રહે : માણાવદર, તેમના સગા ધ્વારા સારવાર લેવા આવેલ જેને પુછતા જણાવેલ કે તા.૩૦/૮/૨૦૨૧ ના રોજ રાત્રીના કલાક ૧૨ :૧૦ વાગ્યે પાદરડી ગામે કાનાભાઈ ગોવિદભાઈ કેશવાળાએ ઈજા કરેલ. દર્દી સભાન અવસ્થામા સહકાર આપે તેમ હોય અને સમય અને સ્થળનુ ભાન હતુ. તેઓની ઈજા જોતા,ઈજા નં.૧ જમણી આખની ઉપરના ભાગે સોજી ગયેલ ભાગ ૪×૪ નો હતો. આ સીવાય અન્ય કોઈ લેખીતી ઈજા જણાયેલ નહી. તેમને જરુરી સારવાર આપી તા.૩૦/૮/૨૧ સવારના ૪ : ૧૫ વાગ્યે રજા આપેલ હતી. ઉપર જણાયેલ ઈજાઓ બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી તથા જો કોઈ કોમ્પ્લીકેશન ન થાય તો સાત દિવસમા રુજાય જાય તેવી હતી. ઉપરોકત ઈજાઓ ૩ કલાક પહેલાની જુની જણાતી હતી. મજકુર દર્દીને તેમના હસ્તાક્ષરમા સારવાર સર્ટી આપેલ જેમા તેમની સહી તથા

હોદાનો સીકકો છે જે આંક–૪૬ થી રજુ રાખેલ છે. આરોપીઓ તરફેની ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના મેડીકલ સર્ટીમા બતાવ્યા સીવાયની અન્ય કોઈ ઈજા ન હતી. મેડીકલ હીસ્ટ્રીમા સારવાર મોડા લેવાનુ કોઈ કારણ જણાવેલ નથી.ગાડીમા બેસવા જતા ઉપરનો ભાગ અથડાય તો સર્ટીમા બતાવ્યા મુજબની ઈજા સંભવી શકે છે. નકકર વસ્તુ સાથે અથડાવાથી પણ આવી ઈજા થઈ શકે.

**(૧૪)** ક્રિમીનલ ટ્રાયલમાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને શંકાથી પર સાબીત કરવાની સઘળી જવાબદારી ફરીયાદપક્ષ પર રહેલ છે અને પોતાનો કેસ પુરાવાથી પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે. ફરીયાદપક્ષના પુરાવામાં કોઈ વુટી રહી જવા પામે અને તેને પરીણામે ફરીયાદપક્ષના કેસની હકીકતો બાબતે શંકા ઉદભવે તો તેનો લાભ લેવા આરોપીઓ ચોકકસપણે હકકદાર છે. આ કામે રેકર્ડ પર ફરીયાદપક્ષે હકીકતોને સાબીત કરવા માટે જે પુરાવાઓ રજુ કરેલા છે તે જોવામાં આવે તો, ફરીયાદી તથા અન્ય પોલીસ સાહેદોએ તેઓના મૌખિક પુરાવાની સરતપાસમાં ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે પરંતુ આ મહત્વની હકીકતો પરત્વે ફરીયાદ પક્ષના અન્ય પુરાવાઓનું તુલનાત્મક મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી તથા પોલીસ સાહેદો જે બનાવ બનેલાની હકીકત જણાવે છે તે હકીકતને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આ કામે ફરીયાદી અને તપાસ કરનાર અધિકારી એક જ છે ત્યારે હાલની ફરીયાદ તેમજ ફરીયાદની તપાસ તેમજ બનાવના કામે આરોપીઓની સંડોવણી શંકાસ્પદ બની રહે છે. તેવી જ રીતે તમામ સાહેદો પોલીસ સાહેદો હોય, એ રીતે આ સાહેદો હીત ધરાવતા સાહેદો ગણી શકાય. જયારે અન્ય એક સ્વતંત્ર સાહેદ જયાબેન બાલુભાઈ મકવાણા પણ તેઓની આંક–૨૮

ની જુબાનીમાં બનાવ બાબતે તેઓ કાંઈ જાણતા ન હોવાનુ તથા પોલીસે માત્ર તેઓનુ નામ ઠામ પુછી લીધેલ હોવાનુ તેમજ ઉલટ તપાસમાં બનાવ રાતના સમયે બનેલ હોય જેથી કોણે કોને શુ માર્યુ તથા કોના હાથમાં કયુ હથીયાર હોય તેઓ કહી શકે તેમ ન હોવાનુ કબુલ કરેલ છે. એ રીતે આ સ્વતંત્ર સાહેદ પણ બનાવને સમર્થન આપતા નથી. વધુમાં આ કામે ફરીયાદી–ત.ક.અ. તેમજ અન્ય ભોગ બનનાર સાહેદો પણ તેઓને ઉલટ તપાસમાં બનાવ વખતે રાતનો સમય હોય, અંધારૂ હોય ૧૦૦ થી ૧૫૦ માણસો ભેગા થયેલ હોય, કોણે સરકારી મિલ્કતને નુકશાન પહોચાડેલ તથા ફરીયાદીના પૈસા તેમના પર્સમાંથી કોણ કાઢી ગયેલ તથા કોના હાથમાં કયુ હથીયાર હતુ તથા કોણે જાનથી મારી નાખવાની ધમકી આપી ભુંડી ગાળો કાઢેલ તે કહી શકે તેમ ન હોવાનુ તથા બનાવ જાહેર જગ્યાએ બનેલ હોય તથા ત્યાંથી ઘણા બધા માણસોની અવરજવર હોય છતા કોઈ તટસ્થ સાહેદોના નિવેદનો લીધેલ ન હોવાનુ સ્પષ્ટપણે કબુલ કરેલ છે ત્યારે ઉપરોકત કબુલાતો તેમજ સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થન વિના આવા શંકાસ્પદ પુરાવા આધારે આરોપીઓ વિરૂધ્ધનો કેસ પુરવાર થયેલ માની શકાય નહીં.

**(૧૫)** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલા સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા ક્રિમિનલ ટ્રાયલના કેટલાક સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો, અદાલતે એવી માન્યતા સાથે ચાલવાનું છે કે, આરોપી નિર્દોષ છે અને ફરીયાદ પક્ષે વ્યાજબી શંકાથી પર એ સાબિત કરવાનું છે કે,આરોપીએ તેના સામેના ગુન્હાનો આક્ષેપછે તેવો ગુન્હો કરેલ છે.ન્યાયશાસ્ત્ર ના સુસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી સામે આક્ષેપાયેલ ગુનાના સંદર્ભના આરોપી સામેનું તહોમતનામું શંકારહિત, સચોટ સંપુર્ણ અને સજજડ પુરાવાથી પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષે નિભાવવાની છે. જો આરોપી પોતાનો સ્પષ્ટ બચાવ લેતા હોય તો તે સંદર્ભે આરોપીએ કેટલાક અંશે પુરાવો રજુ કરવો પડે આરોપીએ પોતાનો

બચાવ ફરીયાદ પક્ષ માફક શંકા રહિત સાબીત કરવાનો નથી, પરંતુ શકયતા પર આધારીત બચાવ સાબીત કરવાનો રહે છે. હાલના કેસમાં આરોપીએ બચાવના સાહેદો તપાસેલા નથી કે આરોપીએ જાતે કોઈ પુરાવો આપેલ નથી. તે સંજોગો ફરીયાદ પક્ષે આરોપી સામેનું આરોપનામું શંકારહિત સાબીત કરવુ પડે.

**(૧૬)** આ કામે આરોપીઓ સામે જયારે ઈ.પી.કોડની કલમ–૧૮૬ અન્વયેનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે વાજબી શંકાથી પર એ પુરવાર કરવું પડે કે આરોપીઓએ કાયદેસર સત્તા ધરાવતા રાજયસેવકની જાહેર ફરજમાં રૂકાવટ કરેલ છે. તે સંબંધેની કાયદાકીય જોગવાઈઓ જોવામાં આવે તો, ક્રિ.પ્રો.કોડની કલમ –૧૯૫ (૧) (ક–૧)નો સ્પષ્ટપણે બાધ નડે છે, કારણ કે, ક્રિ.પ્રો.કોડની કલમ –૧૯૫(૧) (ક–૧) ની જોગવાઈ મુજબ, કોઈ કોર્ટ સંબંધિત રાજયસેવકની અથવા તો વહીવટી હેતુ માટે જેની સત્તા નીચે હોય, તે બીજા રાજય સેવકની લેખિત ફરીયાદ સિવાય ઈ.પી.કોડ ની કલમ–૧૭૨ થી ૧૮૮ (બન્ને સહિત) અન્વયેના કોગ્નીઝન્સ લઈ શકે નહિં, એટલે આ કામે સંબંધિત રાજય સેવકની ફરીયાદ હોવી આવશ્યક છે અને લેખિત ફરીયાદ એટલે ક્રિ.પ્રો.કોડની કલમ–૨(ડી) ની વ્યાખ્યામાં જણાવેલ ફરીયાદ હોવી જોઈએ. ૧૯૯૯ (૨) જી.સી.ડી. પાના નં.૧૦૬૪(ગુજરાત), ''રામજી ભીખા કોળી અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત''ના ચુકાદામાં નામદાર હાઈકોર્ટે ઠરાવ્યુ છે કે, ઈ.પી.કો.ની કલમ–૧૮૬ હેઠળ ગુનાનું કોગ્નીઝન્સ લેવાનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૫(૧)(એ) થી મનાઈ છે સિવાય કે, અડચણ પહોંચેલ હોય તેવા સરકારી નોકર અથવા તેવા કોઈ પણ તાબાના અધિકારીએ કોર્ટને લેખિત ફરીયાદ કરેલ હોય. હાથ ઉપરના કેસમાં ઉપરોકત જોગવાઈનું પાલન થયેલ નથી કે રાજયસેવકના કયા જાહેર હુકમનો ભંગ કરેલ છે તે હકીકત તથા કયા વિસ્તારમાં તેનો અમલ કરવામાં આવેલ હતો તે રેકર્ડ પર આવેલ નથી કે તે અનુસંધાને યોગ્ય અધિકારીએ અદાલતમાં આવીને સોગંદ પર જુબાની આપેલ

નથી. આમ, રજુ થયેલ પુરાવા અનુસંધાને આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ–૧૮૬ અન્વયેનો ગુન્હો પ્રસ્થાપિત થતો નથી.

**(૧૭)** વધુમાં, હાલના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨ અન્વયે ગુન્હાના મુખ્ય આક્ષેપ છે, ત્યારે તે અનુસંધાનેની કાયદાકીય જોગવાઈઓ વંચાણે લેવી ખુબ જ આવશ્યક છે.

કલમ–૩૩૨ : જાહેર નોકરને પોતાની ફરજ બજાવતા અટકાવવા માટે સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડવી :

કોઈપણ વ્યકિત, કોઈ જાહેરનોકરને એવી હેસીયતથી તે પોતાની ફરજ બજાવતો હોય ત્યારે અથવા તે જાહેરનોકરને કે અન્ય જાહેરનોકરને એવી હેસિયતથી પોતાની ફરજ બજાવતા અટકાવવા કે રોકવાના ઈરાદાથી અથવા તેણે એવા જાહેર નોકરની હેસિયતથી પોતાની કાનુની ફરજ બજાવતાં કોઈ કૃત્ય કર્યુ હોય કે કરવાની કોશિષ કરી હોય તેના કારણે એવાં જાહેરનોકરને સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને કરવામાં આવશે.

તે ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨ ના તત્વો વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે,

૧) આરોપીએ જાહેરનોકરને વ્યથા પહોંચાડી,

૨) આવી વ્યથા જાહેરનોકરને સ્વેચ્છાપુર્વક પહોંચાડવામાં આવી,

૩) આવી વ્યથા જાહેર નોકર જયારે તેની અધિકૃત ફરજ એ હેસીયતમાં બજાવતો હોય ત્યારે અથવા તે પોતાની ફરજ બજાવતા અટકે અથવા રોકાઈ જાય તેવા ઈરાદાથી અથવા તે જાહેરનોકરે તેની એવી હેસિયતમાં કાનુની ફરજ બજાવતો કોઈ કૃત્ય કર્યુ હોય કે કરવાની કોશિશ કરી હોય તેને કારણે સ્વેચ્છાપુર્વકની વ્યથા પહોંચાડવામાં આવી હોય.

હાથ ઉપરના કેસની હકીકતો અને કાયદાકીય જોગવાઈઓને નજર સમક્ષ રાખી, સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષના કેસ મુજબ ફરીયાદી એક જાહેર નોકર છે અને બનાવ સમયે બાંટવા ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા અને તે દરમ્યાન સાતમ આઠમનો તહેવાર હોય તેઓ તથા પો.સ્ટાફના માણસો પેટ્રોલીગમા હતા તે દરમ્યાન પી.એસ.ઓ. તરફથી ટેલીફોનીક જાણ કરેલ કે સાહેદ જયાબેન બાલુભાઈ મકવાણાએ આપેલ માહીતી મુજબ સુલેહ ભંગ થવાની શકયતા હોય જેથી તેઓ પો.સ્ટાફ સાથે જયાબેનને સાથે રાખી તેઓના જણાવ્યા મુજબ બનાવ સ્થળે જતા આ કામના આરોપીઓ તેઓ સાથે ગાળા ગાળી કરતા તેઓએ ગાળા ગાળી કરવાની ના પાડતા, આ કામના આરોપીઓ તેમજ આજુબાજુના ૨૦ થી ૨૫ વ્યકતીઓ ભેગા થયેલા અને તેઓને ભુડી ગાળો બોલવા લાગેલ તે દરમ્યાન ફરીયાદપક્ષના કેસ મુજબનો બનાવ બનવા પામેલ હતો.

હાથ ઉપરના રેકર્ડ ઉપરના પુરાવાથી એ હકીકત નિર્વિવાદ છે કે, આ કામના ફરીયાદી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૧ મુજબના જાહેર નોકર છે અને આ કામના ફરીયાદીએ સોગંદ પરના પુરાવામાં પોતાની ફરીયાદની તમામ હકીકતોને સમર્થન આપેલ છે. પરંતુ, ખુદ ફરીયાદીએ પોતાના મૌખિક પુરાવામાં સરતપાસમાં ઘણા બધા માણસો ભેગા થઈ જતા શુ બનાવ બનેલ તેની હાલ તેઓને માહીતી ન હોવાનુ કબુલ કરેલ છે જયારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામની ફરીયાદ તેઓએ આપેલ છે તેમજ તપાસ પણ તેઓએ જ કરેલ છે, ચાર્જશીટ પણ તેઓએ કરેલ છે. તેઓ તેમની ફરીયાદમા પંચોના નામ લખાવેલ નથી. આ કામે આરોપીઓની કોઈ ઓળખ પરેડ મામલતદાર રુબરુ કરાવેલ નથી. કહેવાતા બનાવ સમયે તેઓ તથા પો.કો. રાજેશભાઈ પરબતભાઈ બંધીયા તથા પો.કો. દાનાભાઈ બાવનભાઈ ભારાઈ ફરજ પર હતા તે બતાવવા હાજરી પત્રક રજુ કરેલ નથી કે તપાસના કામે કબજે કરી નામદાર કોર્ટમા રજુ કરેલ નથી, કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલ

હોય અને ખુબજ અંધારુ હતુ, કહેવાતો બનાવ રાત્રીના બેનલ હોય અને ૧૦૦ થી ૧૫૦ માણસો ભેગા થયેલ હોય તેઓ કોઈને અંગત રીતે ઓળખતા નથી.કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલ હોય ટોળુ ભેગુ થઈ ગયેલ હોય જેથી સરકારી મીલ્કતને કોણે નુકશાન કરેલ હોય તે તેઓ કહી શકે નહી. કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલ હોય ટોળુ ભેગુ થઈ ગયેલ હોય અંધારુ હોય જેથી તેમના પર્સમાથી પૈસા કોણ કાઢી ગયેલ તે કહી શકે નહી, તે સમયે તેઓ ત્યા વાહન પાસે હાજર ન હતા. કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલ હોય ટોળુ ભેગુ થઈ ગયેલ હોય જેથી કોના હાથમા કયુ હથીયાર હતુ તે તેઓ કહી શકે નહી તેમજ કહેવાતા બનાવ સમયે તેઓ વાહન પાસે હાજર ન હતા. કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલ હોય ટોળુ ભેગુ થઈ ગયેલ હોય જેથી કોણે જાનથી મારી નાખવાની ધમકી આપી ભુડી ગાળો કાઢેલ તે કહી શકે નહી. તેઓ તેમની ફરીયાદમા કયા પ્રકારની ભુડી ગાળો કાઢેલ તે લખાવેલ નહી. કહેવાતો બનાવ જાહેર જગ્યાએ બનેલ હોય તેમજ ત્યાથી ઘણા બધા માણસોની અવરજવર હોય છે. તેઓ કોઈ તટસ્થ સાહેદોને નીવેદન લીધેલ નથી. કહેવાતો બનાવ રાત્રીનો સમયે બનેલ હોય આશરે ૧૫૦ થી ૨૦૦ માણસોનુ ટોળુ ભેગુ થયેલ હોય જેથી કોણે શુ કરેલ તે હાલ કહી શકે નહી તેવુ જણાવે છે. એ રીતે સમગ્ર પુરાવો જોતો એ હકીકત નોંધનીય છે કે, સદરહુ કહેવાતો બનાવ રાતના સમયે બનેલ હતો અને ફરીયાદી તથા ત.ક.અ.ના સ્વીકાર્યા મુજબ તથા પુરાવા માહેથી એવી હકીકત પણ ખુલવા પામે છે કે, આ કામે આરોપીઓની મામલતદાર રૂબરૂ ઓળખ પરેડ કરાવેલ નથી તથા બનાવવાળી જગ્યા જાહેર જગ્યાએ બનેલ હોય, માણસોની ત્યા અવર જવર રહે છે તેમ છતા આ કામે પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. આમ, સ્વતંત્ર સાહેદોની હાજરી સરળતાથી મળી શકે તેમ હોવા છતાં સદર કેસને કોઈ જ સ્વતંત્ર સાહેદોનું સમર્થન મળેલ નથી. આ હકીકત ખુદ તપાસ કરનાર અધિકારીએ પણ પોતાના મૌખિક પુરાવામાં ઉલટતપાસ દરમ્યાન સ્વીકારેલ છે. વધુમાં ફરીયાદપક્ષ તરફે કોઈ પંચ સાહેદોને

તપાસવામાં આવેલ નથી જેથી બનાવવાળી જગ્યાનુ  પંચનામાનુ પણ પુરવાર થયેલ નથી. વધુમાં આ કામના આરોપીઓએ બનાવ સમયે ગાળો બોલેલ હોવાનો આક્ષેપ છે, પરંતુ આ કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ફરીયાદી તેઓની જુબાનીમાં આરોપીઓ બનાવ સમયે અપશબ્દો બોલેલાનું જણાવેલ છે પરંતુ આરોપીઓ શું અપશબ્દો બોલેલા તેવા કોઈ ચોકકસ શબ્દો બોલેલા તેવા કોઈ ચોકકસ શબ્દો સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવતા નથી. જેથી આ કામે ફરીયાદીની ફરીયાદ તથા ફરીયાદીની જુબાનીથી આ કામના આરોપીઓએ ફરીયાદીને શું ગાળો બોલેલી તેવા કોઈ ચોકકસ શબ્દો રેકર્ડ ઉપર આવેલ ન હોઈ, જેથી આ કામના આરોપીઓએ ફરીયાદીને બિભત્સ ગાળો બોલેલ હોવાનુ વ્યાજબી શંકાથી પર રહી પુરવાર થતુ નથી. વધુમાં આં ક–૩૧ ના સાહેદ સુરેશભાઈ રામભાઈ ગરચર તેઓની સરતપાસમાં બનાવમાં ગામના ઈસમોએ તેઓને તથા પો.સ.ઈ.ઝાલાને માર મારતા ઈજા થયેલાનુ જણાવેલ છે પરંતુ તેઓની ઉલટ તપાસમાં બનાવ રાતના સમયે બનેલ હોય ટોળુ ભેગુ થઈ ગયેલ હોય જેથી કોના હાથમાં કયુ હથીયાર હતુ તે તેઓ કહી શકે નહી તથા બનાવ સમયે તેઓ હાજર ન હોવાનુ કબુલ કરેલ છે. તેવી જ રીતે આંક–૩૨ ના સાહેદ રાજેશભાઈ પરબતભાઈ બંધીયાએ તેઓની સરતપાસમાં બનાવમાં ગામના ઈસમોએ પો.સ.ઈ. ઝાલાને માર મારતા ઈજા થયેલાનુ જણાવેલ છે પરંતુ તેઓની ઉલટ તપાસમાં બનાવ રાતના સમયે બનેલ હોય ટોળુ ભેગુ થઈ ગયેલ હોય જેથી કોના હાથમાં કયુ હથીયાર હતુ તે તેઓ કહી શકે નહી તથા બનાવ સમયે તેઓ વાહન પાસે હાજર ન હોવાનુ કબુલ કરેલ છે. આમ, જયારે ખુદ આ બંને સાહેદો તેઓની જુબાનીમાં આ રીતની હકીકત જણાવતા હોય તેમજ સારવાર આપનાર ડોકટરના પુરાવામાં રજુ થયેલ આંક–૪૪ તથા આંક–૪૬ થી રજુ ઈજાના પ્રમાણપત્રમાં પણ ટોળા દ્વારા તેઓને ઈજા થયેલાની હીસ્ટ્રી લખાવેલ હોય ત્યારે તેઓને થયેલ ઈજાઓ આ કામના આરોપીઓ દ્વારા જ કરવામાં આવેલ હોવાનુ વ્યાજબી શંકાથી  શંકાથી પર રહી પુરવાર થતુ નથી.

(૧૪) વધુમાં આ કામના આરોપીઓ વિરૂઘ્ધ પબ્લીક ડેમેજ એકટની કલમ–૩ તથા ૫ મુજબનું તહોમત મુકવામાં આવેલ છે જે અનુસંધાને જોઈએ તો ફરીયાદીએ તેમની ફરીયાદમાં આરોપીઓએ સરકારી મિલ્કતને નુકશાન કરેલાનુ જણાવેલ છે પરંતુ ફરીયાદીએ તેઓની જુબાનીની ઉલટ તપાસમાં જ બનાવ રાત્રીના સમયે બનેલ હોય, ટોળુ ભેગુ થયેલ હોય જેથી સરકારી મિલ્કતને કોણે નુકશાન કરેલ તેની ખબર ન હોવાનુ કબુલ કરેલ હોય તેમજ ફરીયાદપક્ષ તરફે સદર સરકારી મિલ્કતમાં કેટલુ નુકશાન થયેલ તે અંગે કોઈ ડેમેજ રીપોર્ટ કે રીપેરીંગમાં થયેલ ખર્ચાના આધાર પુરાવા પણ આ કામે રજુ કરેલ નથી. જેથી આ કામના આરોપીઓએ સરકારી મિલ્કતને નુકશાન કરેલ હોવાનુ વ્યાજબી શંકાથી પર રહી પુરવાર થતુ નથી.

(૧૫) વધુમાં, આ કામના આરોપીઓ વિરૂઘ્ધ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનું તહોમત મુકવામાં આવેલ છે અને સદર તહોમત પુરવાર કરવા માટે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલાં નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર બોમ્બે હાઈકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિઘ્ધાંતોને જોવા જરૂરી જણાય છે. **નામદાર સુપ્રિમ કોર્ટે બાઈ શાંતા –વિરૂઘ્ધ– યુનીયન ઓફ ઈન્ડીયા ૨૦૦૧(૧), જી.એલ.આર. પાના નં .૨૭૩** તથા **નામદાર મુંબઈ હાઈકોર્ટે સ્ટેટ ઓફ બોમ્બે –વિરૂઘ્ધ– અજીજખાન (એ.આઈ.આર.૧૯૫૬, બોમ્બે પાના નં.૬૮૦)**ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, ''**જાહેરનામુ**'' એટલે માત્ર કલેકટર કચેરી કે સરકારી કચેરીમાંથી ગેઝેટમાં પ્રસિઘ્ધ થાય તે નહી પરંતુ આવી પ્રસિઘ્ધી સામાન્ય જનમાનસની જાણમાં આવે તે રીતે તેની પ્રસિઘ્ધી થવી જરૂરી છે અને તો જ તેને જાહેરનામાની વ્યાખ્યામાં મુકી શકાય. જાહેરનામાની નકલ અદાલતમાં રજુ કરવા માત્રથી આવું જાહેરનામુ અસ્તિત્વમાં હતું તેવું માની શકાય નહીં, પરંતુ તેની યોગ્ય પ્રસિઘ્ધી (Promolgation) થયેલું ગણી શકાય નહીં. હાથ ઉપરના કેસમાં બનાવ સમયે આરોપી નં.૧ એ લાકડાના પાવડાનો હાથો ધારણ કરી હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ છે તેવી હકીકતના સમર્થનમાં હથીયારબંધીનું જાહેરનામુ

અસ્તિત્વમાં હતુ અને તે જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી થયેલ હતી તે હકીકત રેકર્ડ ઉપર સ્પષ્ટપણે સાબીત થવી જોઈએ. આ કામે રજુ થયેલ આરોપીઓની શરીર સ્થિતી અને મુદ્દામાલ હથીયાર કબ્જે કર્યાના પંચનામાના પંચોને ફરીયાદપક્ષ તરફે તપાસીને રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. જો કે, આ કામે તપાસ દરમ્યાન મુદ્દામાલ લોખંડનો પાઈપ કબ્જે લેવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષ આરોપીઓ સામે મુકવામાં આવેલ જી. પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો પુરવાર કરવા માટે બનાવ સમયે હથીયારબંધી નું જાહેરનામુ અમલમાં હતું અને તેની યોગ્ય રીતે બજવણી કરવામાં આવેલ હતી તેવી હકીકત રેકર્ડ ઉપર બતાવી શકેલ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપીઓ સામે મુકવામાં આવેલ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો વાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૬) આમ આ કામે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી આરોપીઓ સામેના આરોપો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ હોઈ અને ફોજદારી ધારાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદપક્ષે પોતાનો કેસ પોતાનાં જ પુરાવાથી સાબિત કરવાનો રહે છે અને ફરીયાદપક્ષ જો પોતાનો કેસ સાબિત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશાં આરોપીઓને મળે અને આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોઈ, જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

૧ : આ કામના આરોપીઓ નં.(૧) વિજયભાઈ ગોવિંદભાઈ કેશવાળા, (૨) કાનાભાઈ ગોવિંદભાઈ કેશવાળા, (૩) નારણ માલદેભાઈ કેશવાળા, (૪) રામજી ઉર્ફે રામભાઈ માલદેભાઈ કેશવાળા (૫) કારીબેન વા.ઓ.ગોવિંદભાઈ

કેશવાળા, (૬) જીજ્ઞાશાબેન વા.ઓ.રામજી ઉર્ફે રામભાઈ કેશવાળા, રહે. તમામ પાદરડી, તા.માણાવદરવાળાને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯,૧૮૬,૩૩૨,૩૩૭,૩૭૯,૪૨૭,૫૦૬(૨),૨૯૪(ખ) તથા જી.પી. એકટની કલમ–૧૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ–૩ તથા ૫ મુજબના ગુન્હાના તહોમતમાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ– ૨૪૮(૧) મુજબ શંકાનો લાભ આપી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

૨ : મુદ્દામાલ મોબાઈલ ફોન અંગે અગાઉ થયેલ હુકમ કાયમ રાખવામાં આવે છે જયારે બાકીના મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

૩: આરોપીઓના જામીનખત તથા જાત મુચરકા રદ્દ કરવામાં આવે છે. દરેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૪૩૭(એ) મુજબ એપેલેટ કોર્ટમાં હાજર રહેવા અંગેના રૂા.૫૦૦૦/–ના નવા જામીન તથા મુચરકા રજુ કરવા. આ જામીનખત તથા મુચરકા છ માસ સુધી ચાલુ રહેશે.

હુકમ આજ તારીખ : ૧૫મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

માણાવદર,
તા.૧૫/૪/૨૦૨૬

( અતીત મહેશકુમાર મહેતા )
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
માણાવદર
કોડ નં. જી.જે.૦૧૫૨૧